વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹ 50


# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

એપ્રિલ ૨૦૧૯



100th EDITION


આપણું અમદાવાદ...
સુરીલું અમદાવાદ...
અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
ગૌરવભેર.. ગમ્મત સાથે...
" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઈતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."
કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ
Book with DVD & Audio CD
સંપર્ક કરોઃ
Marketed by :
Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834 / 35
visit us at : www.shyamalsaumil.com
પરિકલ્પના અને સંગીત
શ્યામલ-સૌમિલ
TOUCHING TUNES


Yellow Sapphire
CERTIFIED
GEMSTONES
with Buy Back Guarantee
Ruby
Emerald
Pearl
Coral
Diamond
Blue Sapphire
Hessonite
Cat's eye
RATNAश्री®
Gems & Jewels
42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, www.ratnashree.com

# સંજોગો, ઘટનાઓ, પરિસ્થિતિ અને વ્યક્તિઓએ ચીંધી અને મળી અમને એક આગવી દિશા

સંજોગો, ઘટનાઓ, પરિસ્થિતિ અને વ્યક્તિ આખું જીવન બદલી નાખે છે. કદાચ વિધાતાએ પણ ભાગ્યમાં એવું જ લખ્યું હોય એમ પણ કહી શકાય. આ સઘળાંનો સ્વીકાર આજે કરવો છે. સૌને હૃદયથી યાદ કરીને સૌનો આ ક્ષણે આભાર પણ માનવો છે.

બાલઘરમાં ભણતી અમારી દીકરી એષાના પાંચમાં જન્મદિવસ નિમિત્તે રિટર્ન ગીફ્ટ તરીકે બાળગીતોની એક કેસેટ એની સાથે ભણતા બાળકોને આપવી એવી ભાવના સાથે આરંભાયેલો એક ‘રેકોર્ડિંગ પ્રોજેક્ટ અમને ‘મેઘધનુષ’ સુધી લઈ ગયો. અને ત્યાર બાદ શરૂ થઈ એક એવી યાત્રા જેને અમે અમારા સંગીત નિર્માણ સાથે જોડી. ચંચલ, શીતલ, નિર્મલ અને કોમલ શ્રેણી અંતર્ગત સમય સાથે, વય સાથે, લય મિલાવતા મ્યુઝિક આલબમ્સ પ્રસ્તુત કર્યા.

વિવિધ કાર્યક્રમોના આયોજન માટે કલાપ્રેમી સજ્જનોનું સૌજન્ય તો પ્રાપ્ત થતું જ હતું પરંતુ આવાં કાર્યક્રમોનું ગૌરવભેર આયોજન થઈ શકે તે માટે ‘સ્વરસેતુ–કલારસિક શ્રોતાઓનું વર્તુળ’ સ્થપાયું. શરૂઆતમાં ખૂબ ઓછી સંખ્યામાં સભ્યમિત્રો નોંધાતા સૌને મેમ્બરશીપ ફી પરત કરવાનું વિચાર્યું ત્યાં તો વિચાર આવ્યો કે નોંધાયેલા સભ્યમિત્રોને કોમ્પ્લીમેન્ટરી કાર્ડ્સ આપી હૉલની સંખ્યા જેટલા શ્રોતાઓ સમક્ષ કાર્યક્રમો આપવા અને આજે ૧૮ વર્ષ દરમ્યાન ૯૮ જેટલા નાવીન્યસભર વિવિધ વિષયવસ્તુ પર આધારિત કાર્યક્રમો શક્ય બન્યા.

સતત એક પ્રતીતિ થઈ રહી હતી કે કલા, સંગીત અને સાહિત્યની ક્યાંય જોઈએ એવી નોંધ નથી લેવાતી. પ્રવૃત્તિ તો ઘણીબધી જગ્યાએ ઘણાંબધાં કલાકારો કરતાં રહે છે પણ એની યોગ્ય જાણ કલારસિક ભાવકોને થતી નથી. ‘સ્વરસેતુ’ની ૧૦ વર્ષની ઉજવણી વેળા આવું એક પ્રકાશન કાર્ય હાથ ધરવાનું સૂચન થયું. જો કે

અમારી પ્રવૃત્તિ સાથે એનો સીધો સંબંધ ન હતો તેમ છતાંય આવા મેગેઝીનની ગેરહાજરીને પરિણામે ‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’નું અવતરણ થયું. આજે એનો સળંગ **૧૦૦મો અંક** આપના હાથમાં ધરતાં ખૂબ આનંદ અને ગૌરવની લાગણીનો અનુભવ થાય છે. આ સમગ્ર યાત્રા જેમને કારણે શક્ય બની છે તેમનો નામોલ્લેખ સ્થળ સંકોચને કારણે શક્ય નથી પરંતુ સૌનો ઋણ સ્વીકાર કરીએ છીએ અને કૃતજ્ઞતાપૂર્વક વંદન કરીએ છીએ.

વિશેષ આભાર તો સૌ શ્રોતાઓનો, ભાવકોનો, ચાહકોનો અને વાચકોનો.

—સૌમિલ મુનશી

*Follow us on*
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey


વર્ષ: ૮/અંક: ૧૦૦/એપ્રિલ, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**પબ્લિક રીલેશન્સ, કોઓર્ડિનેટર :** રીના ગોર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઈ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)



(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)



દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

## સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ એટલે નાનો અને કલાત્મક ભંડાર

'સ્વરસેતુ' નામ જ આપણ સૌને સેતુરૂપે વાંચનસામગ્રી સાથે બાંધી રાખે છે, સુંદર, આકર્ષક કવરપેજ અને મેઘધનુષી તેની લેખમાળાઓ.

સ્વરસેતુ ક્યારે આવશે? તેમ થતું હોય અને તેમ છતાં નાનો અને કલાત્મક ભંડાર. સુગમસંગીતનો જીવ હોવાને નાતે મારી પ્રિય વાંચન સામગ્રીમાં 'અવસર સુરીલો' આવે. તેમજ આ ઉપરાંત તમામ લેખમાળાઓ અત્યંત રસપ્રદ હોય છે. સાહિત્ય અને સંગીતને લગતી કાંઈ જ બાબત રહી જતી હોય તેવું લાગતું નથી.

સંગીતની આસપાસના તમામ પાસાઓને 'ગાગરમાં સાગર'ની જેમ સમાવી લ્યો છો.

અંજલિ કેમ ભૂલાય?

સંગીત અને સાહિત્યની ધરોહર જેઓ આપણને સોંપતા ગયા છે. તે સહુને યાદ કરો છો તે પણ ગમ્યું છે. તો ૧૦૦ અંકની સુરીલી યાત્રા નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ.



**— નીતા વિરલ વસાવડા, રાજકોટ**

## 'તમે ઘણું જીવો, તમે ઘણું જીવો સ્વરસેતુ'

'સ્વરસેતુ' આજે એક ખૂબ જ જાણીતું નામ બની ચૂક્યું છે અને પોતાની એક વિશિષ્ટ ઓળખાણ બનાવી ચૂક્યું છે. જ્યારે પણ ગુજરાતી સંગીતની વાત આવે ત્યારે સૌમિલ-શ્યામલ-આરતી મુનશીનું નામ લીધા વગર વાત પૂરી જ ન થાય. સાથે તુષારભાઈ શુક્લનો ઉલ્લેખ પણ કરવો જ પડે. 'સ્વરસેતુ'ની વાત કરીએ તો આ મેગેઝીન દ્વારા જે સરાહનીય પ્રયાસ થઈ રહ્યો છે ગુજરાતી સંગીતને જાળવી રાખવાનો અને આવનારી આપણી પેઢીને એક વૈભવી વારસો આપવાનો. જો આપણે એક ગુજરાતી તરીકે એને ના બિરદાવીએ તો એથી મોટી કમનસીબી ના હોઈ શકે. આજે આ સામયિક જ્યારે પોતાના ૧૦૦મા અંક તરફ અગ્રેસર થઈ રહ્યું છે ત્યારે હાલની 'ચાલ જીવી લઈએ' મૂવીમાં આવેલ એક ગીત યાદ આવે છે 'તમે ઘણું જીવો, તમે ઘણું જીવો સ્વરસેતુ'.

ટીમ સ્વરસેતુને દિલથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



**— વિશ્વેશ ઝાલા, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# પ્રાતઃ સ્મરણની જાદુઈ અસર



**નજર**

**આટલી વેધક નજર નિર્મળ નજર,**
**જાય તાણી એટલી ખળખળ નજર.**

**આભ જેવી, દેહ જેવી, શ્વાસ સમ,**
**સાચવે, જોતી રહે હરપળ નજર.**

**કૈંજ પણ બોલ્યા વિના જોતી રહે,**
**આપતી જીવી જવાનું બળ નજર.**

**જ્યાં નજર પડતી, એ લાગે ત્યાં જ છે,**
**ખૂબ સમજાવી જતી અંજળ નજર.**

**એજ સુઝાડે બધું આઘે રહી,**
**કાળજે ધબક્યા કરે ઝળહળ નજર.**

**મિત્ર જેવી એજ સંગાથે રહે,**
**ને રહે આગળ અને આગળ નજર.**

**દેહ ક્યાં કે કોઈ બીજું રૂપ ક્યાં?**
**જોઉં છું કેવળ નજર કેવળ નજર.**

**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

બાળપણમાં મારી બા કહેતી હતી કે સવારમાં ઊઠીને રડવું નહીં. ખરાબ વિચારો કરવા નહીં. ખરાબ માણસોને યાદ કરવા નહીં. અને પછી કહે ભગવાનનું મોઢું જોઈને ઊઠીએ, ગુરુને યાદ કરીને ઊઠીએ તો દિવસ સારો જાય. હાથ-પગ ધોઈને જ જમવા બેસાય. રાત્રે પ્રાર્થના કરીને જ સુવાય. ઘરમાં ચંપલ પહેરીને ન ફરાય. આવા સંસ્કારો તેણે પાડેલા. અત્યારે વિજ્ઞાન કહે છે કે ધ્યાન કરવાથી નિંદ્રા સારી આવે છે. બહારના બૂટ-ચંપલ ગમે તેવી ગંદકીવાળા હોઈ શકે. માટે ઘરમાં તે ન પહેરવા. માણસ સારા વિચારો કરે તો મન શાંત રહે છે. આપણા વિચારો જ આપણા ભાગ્યનું નિર્માણ કરે છે. એટલા માટે તો ઋગ્વેદમાં અમને ચારેય દિશામાંથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાવ એવી પ્રાર્થના કરવામાં આવી છે. આપણા વિચારોની આપણા મન ઉપર અને આપણા જીવન ઉપર ખૂબ મોટી અસર પડે છે.

હું નાનો હતો ત્યારે થોડો ડરપોક ખરો. રાત્રે ખરાબ સપના જોઈને બીક લાગે. મારી બાએ કહેલું કે ભગવાનનું નામ લઈને સૂઈએ તો ખરાબ સપના ન આવે. મને ઘણાં વર્ષોથી સપના ભાગ્યે જ આવે છે. તેના મૂળમાં ઈશ્વર સ્મરણ કે સૂતી વખતે કોઈ પુસ્તક વાંચવાની ટેવ કારણભૂત લાગે છે. બાળપણમાં સવારે ઊઠું ત્યારે ઘરના મંદિરમાં આવેલા ભગવાનના બધા ફોટાને પગે લાગું અને ગુરુજીના ફોટાને વંદન કરીને પછી કોઈનું ય મોઢું જોઉં. ધીરે-ધીરે આ ગુરુઓની યાદી લંબાતી ગઈ. મોટી થતી ગઈ. કૃષ્ણાનંદજી મહારાજ, ચંદ્રપ્રભાસાગરજી (ચિત્રભાનુ), રામકૃષ્ણ પરમહંસ, શારદામા, રમણ મહર્ષિ, પુનિત મહારાજ, ડોંગરેજી મહારાજ, રંગઅવધૂત મહારાજ (બાપજી), વિશુદ્ધાનંદજી પરમહંસ, આનંદમયી મા, ઓશો, પૂ. મોટા... આમ યાદી લંબાતી જ

ગઈ. પથારીમાં સૂતા-સૂતા, આ બધા ગુરુઓને યાદ કરતાં કરતાં ૧૫-૨૦-૨૫ મિનિટ થઈ જતી. કોઈને ગાંડા જેવું પણ લાગે, પણ ખરી વાત એ હતી કે આંખ ખૂલી હોય સવારે ૬ વાગે અને બ્રશ કરતો હોઉં સવારે ૮ વાગે. દરેક ગુરુના પ્રસંગો યાદ આવે. ક્યારેક તેમનો અવાજ સંભળાય, ક્યારેક આંખમાં તેમના ફોટા દેખાય, ક્યારેક ચારેય બાજુ આ બધા સદગુરુઓની દૃષ્ટિ દેખાય. અને આ ગઝલ તો લખી છે આજે પણ તેના મૂળમાં સંસ્કારો અને વિચારો રહેલા છે.

બાળપણમાં સાંજે ચાલવા નીકળું કે ગમે તે ગામ જઉં ત્યારે મારા જેવા છોકરાને ત્રણ-ચાર વર્ષની ઉંમરે બહુ આશ્ચર્ય થતું કે હું જ્યાં જઉં છું ત્યાં ચાંદામામા મારી સાથે આવે છે. જે ગામમાં જઉં એ ગામમાં હોય. મારી સાથે ને સાથે ચાલતા લાગે. એક વાત મારી બાએ મને બીજી પણ શીખવાડી હતી કે ભગવાન આકાશમાંથી બધું જોયા કરે છે. ભગવાન બધું જુવે છે. આ વાતની એટલી ખાતરી થઈ ગઈ'તી કે સાવ એકલો હોઉં ત્યારે પણ ભગવાનની દૃષ્ટિ તો મારી પર છે જ એ જાણતો હતો એટલે એકલું નહોતું લાગતું. મારી બા સાવ અભણ હતી. એટલે એ જે માનતી એ મને જણાવતી. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ એ તો હયાત નથી. તો એ ક્યાં હશે? ત્યારે બાએ કહેલું કે જે મરી જાય છે એ આકાશમાં ચાલ્યું જાય છે. ભગવાનને ઘેર જાય છે. ત્યારથી આજ સુધી લાગ્યા કરે છે કે મને માત્ર ભગવાન જ નહીં, આ બધા ગુરૂઓ પણ જોયા કરે છે.

અનેકવાર અનેક દુઃખ વચ્ચે, એકલતા વચ્ચે, ઉદાસી વચ્ચે, શરીર અને મનની પીડા વચ્ચે પણ આ સદ્ગુરૂઓની નજર જાણે મને જોતી હોય એમ લાગે છે. એની કૃપાદૃષ્ટિ સતત સાચવતી હોય એમ લાગે છે. શૂળીનું જાણે સોયથી સરી જતું હોય એમ લાગે છે. ભગવાન-ગુરૂ અરે આપણું પ્રિયપાત્ર પણ આપણને જોતું હોય એવી કલ્પના માત્રથી આપણું મન અને આપણા મનના વિચારો બદલાઈ જાય છે.

ધારદાર, આરપાર ઊતરી જાય એવી શુદ્ધ અને નિર્મળ વેધક નજર આ સંતોની આંખ ખૂલે છે ત્યારે જાણે મને જોતી હોય છે. તેમના આનંદમય ચહેરામાં બધા જ અશુભ વિચારો ચાલ્યા જાય છે. જાણે ધસમસતું પાણી ખળખળ વહી રહ્યું હોય એવી તેમની દૃષ્ટિ હોય છે.

**નાથ ગગનના જેવા રે સદા મુને છાઈ રહે.**

**— ન્હાનાલાલ**

જાણે એ નજર આકાશ જેવી, ક્યારેક મારા શરીર જેવી, ક્યારેક મારા શ્વાસો જેવી મને લાગી છે અને જાણે સતત સાચવી લે છે. આ દૃષ્ટિ, આ નજર કશું બોલતી નથી માત્ર ચૂપચાપ મને જોયા કરે છે અને જાણે દૃષ્ટિ જીવી જવાનું બળ પૂરું પાડે છે.

ઘર, ઘરની બહાર, દેશોમાં, પરદેશોમાં, મારી બહાર અને મારા દેહની ભીતર જ્યાં જ્યાં મારી નજર પડે છે ત્યાં-ત્યાં જાણે એ સદગુરૂઓની દૃષ્ટિ ત્યાં રહેલી જ હોય છે. આ ઋણાનુબંધ, આ ભાગ્ય, આ અંજળ, આ લેણ-દેણ જાણે એ દૃષ્ટિ મને સમજાવે છે ક્યારેક મૂંઝાઈ જઉં છું તો એ જ રસ્તો સુઝાડે છે. ક્યારેક મિત્રની જેમ સતત સાથે રહીને એણે મને કંપની આપી છે. અને ક્યારેક કોઈ વડીલની જેમ આગળ ને આગળ રહી છે. તમામ સદગુરૂઓ દૃષ્ટાભાવમાં હોય છે. એકવાર કવિ રાજેન્દ્ર શાહ સાથે તેમના 'નિલાંજના' કાવ્યસંગ્રહના કાવ્યોની ચર્ચા કરતો હતો ત્યારે દૃષ્ટાભાવની ખૂબ નિરાંતે વાત થયેલી. આ દૃષ્ટિએ 'કેવળ છું હું આંખ' આ કાવ્ય જોવા જેવું છે. શરીરનો સૌથી મહત્ત્વનો હિસ્સો છે આંખ-શરીરમાં ચૈતન્ય જોવા માટે ડૉકટરો પણ છેલ્લી ક્ષણોમાં આંખનું તેજ જ જુવે છે અને દેહભાવ લુપ્ત થઈ ગયા પછી પણ સદગુરૂઓ માત્ર કેવળ દૃષ્ટિરૂપ જ રહયા હોય છે. 'નજર' ગઝલની યાત્રા આમ કંઈક ચાલી છે.

# મરીઝ ૧૦૨ નોટ આઉટ

## સૂર અને શબ્દના સથવારે ઉજવાઈ શાયર મરીઝની જન્મજયંતિ




ગૌરાંગ વ્યાસ, બંસરી યોગેન્દ્ર, યોગેનભાઈ, અભિજાત જોશી

ગુજરાતનાં ગાલિબનું બિરુદ પામેલા મરીઝ સાહેબની ૧૦૨મી વર્ષગાંઠ ૨૨મી ફેબ્રુઆરી રવિવારે અમદાવાદમાં સૌ મરીઝના ચાહકોએ એ અવસરને “મરીઝ ૧૦૨ નોટ આઉટ” જેવું મજાનું નામ આપી, અનોખી રીતે ઉજવ્યો.

મરીઝની ગઝલોનું એક સીડી આલ્બમ ‘મહેફિલે મરીઝ’ આ અવસરે રિલિઝ કરવામાં આવ્યું. ગુજરાતી ભાષાના ઓલટાઈમ ગ્રેટ શાયર મરીઝની કેટલીક ચુનંદા ગઝલો વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી અને એટલા જ વિખ્યાત કવિ-નાટ્યકાર સૌમ્ય જોશીએ વૈવિધ્યને ખ્યાલમાં રાખીને આ આલ્બમ માટે ચૂંટી કાઢી હતી. આ તમામ ગઝલોને હરેશ બક્ષીએ સ્વરબદ્ધ કરી છે અને તેનું મ્યુઝિક એરેંજમેંટ ઇમુ દેસાઈએ કરી છે. ગઝલોને કંઠ આપ્યો છે ગુજરાતની વિખ્યાત ગાયિકા શ્રીમતી બંસરી યોગેન્દ્રએ. આલ્બમમાં બધી મળીને કુલ સોળ જેટલી પસંદગીની ગઝલો રેકર્ડ કરવામાં આવી છે. અને તેને સરળ એવા MP3 ફૉર્મેટમાં મૂકવામાં આવી છે. બોલચાલની સરળ ભાષામાં લખાયેલી આ ગઝલોને સ્વરબદ્ધ કરવી અને ગાવી એ એક પડકાર હતો. બંસરી યોગેન્દ્રએ સ્વર દ્વારા અને હરેશ બક્ષીએ સ્વરાંકન દ્વારા મરીઝની ગઝલોને, સુંદર ન્યાય આપ્યો છે.

સંગીત અને સાહિત્યરસિક શ્રોતાઓથી ખીચોખીચ ભરેલા હોલમાં આ આલ્બમનું વિમોચન ગુજરાતનાં લાડીલા સ્વરકાર ગૌરાંગ વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું. રવિવારની સવારને રસસભર બનાવતાં ગાયક કલાકાર બંસરી યોગેન્દ્રએ આલ્બમમાંથી ચાર ગઝલોની લાઈવ

પ્રસ્તુત કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી.

**જિંદગીની જીવવાની ફિલસૂફી સમજી લીધી,**
**જે ખુશી જીવનમાં આવી આખરી સમજી લીધી.**

તેમ જ,

**જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ,**
**એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.**

આવા શેરો પર ચાહકો ઝૂમી ઊઠ્યા હતા.



લગે રહો મુન્નાભાઈ, થ્રી ઇડિયટ્સ અને પીકે જેવી ફિલ્મોના લેખક અભિજાત જોશી તેમજ “૧૦૨ નોટ આઉટ” લેખક સૌમ્ય જોશી, બંને ભાઈઓએ પોતાના વક્તવ્યમાં એમના મરીઝપ્રેમના સુંદર પુરાવા આપ્યા હતા અને આલ્બમને આવકાર્યું હતું. મરીઝના વતન સુરતના શાયર રઈશ મનીઆરે મરીઝસાહેબના જીવનમાંથી કેટલા રસિક કિસ્સાઓ વાગોળ્યા હતા. લોકપ્રિય મ્યુઝિક ડાયરેક્ટર ગૌરાંગ વ્યાસ અને જાણીતા સંગીતકાર ઇમુ દેસાઇએ પણ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતાં. પરિવાર વતી આલ્બમના પ્રોડ્યુસર યોગેન ભટ્ટ તેમ જ જાણીતા અભિનેત્રી અને નિર્માત્રી આર.જે. આરતી પટેલે પ્રાસંગિક વકતવ્યો આપ્યા હતા. મંચ સંચાલન સંભાળ્યું હતું ભટ્ટ પરિવારના ડૉ. મેઘા ભટ્ટે.

જન્મ શતાબ્દિ પછી વરસોવરસ મરીઝની લોકપ્રિયતા વધતી જ જાય છે. નવી પેઢીના યુવાનો પણ મરીઝ જેવા જૂના શાયરને પ્રેમથી સાંભળે છે, એ આનંદદાયક ઘટના છે. ગુજરાતી ગઝલોના શોખીન શ્રોતાઓના મન-હૃદય સુધી મરીઝની અમર ગઝલોને સૂર અને શબ્દરૂપે પહોંચાડવાના આ કલાત્મક પ્રયાસને સહુએ વધાવી લીધો હતો.





મેહફિલે મરીઝ સી.ડી. પ્રાપ્ત કરવા માટે સંપર્ક: 9825504389

**જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ,**
**એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.**



રતિલાલ બોરીસાગર

# વૃદ્ધ લગ્નો કેવાં હશે?



મારો 'વૃદ્ધાવસ્થામાં લગ્ન કરવા વિશે' લેખ પહેલવહેલો એક સામયિકમાં પ્રગટ થયો તેના અણધાર્યા પ્રત્યાઘાતો પડ્યા હતા. કેટલાંક વૃદ્ધો મારા પર ગુસ્સે થયા હતા, કેટલાક પ્રસન્ન પણ થયા હતા. ગાલિબે કહ્યું છે કે, હું જાણું છું કે, સ્વર્ગ જેવું કંઈ છે નહીં, પણ દિલને ખુશ કરવા સ્વર્ગનો ખ્યાલ સરસ છે! એક વૃદ્ધ સજ્જને લખ્યું છે કે, હવે કંઈ મારાથી લગ્ન કરવાની હિંમત થઈ શકવાની નથી, પણ 'દિલ કો ખુશ રખને કે લિયે યે ખ્યાલ અચ્છા હૈ'. કેટલાંક વૃદ્ધોએ પોતાનાં સંતાનોને મારો લેખ વાંચવા માટે આડકતરી રીતે પ્રોત્સાહિત કર્યાં છે અને પરિણામની રાહ જોઈ રહ્યાં છે. કેટલાક ગુનેગારો અમુકતમુક ફિલ્મ જોયા પછી એ સ્ટાઈલથી ગુનો કરે છે તેમ એક વડીલના પુત્રે મારો લેખ વાંચી મારા જ શબ્દોનો ઉપયોગ કરીને એના પિતાને પૂછ્યું કે, 'પિતાજી, તમે લગ્નોત્સુક છો?' પુત્રનું આવા અણધાર્યા પ્રશ્નથી પિતાજી પહેલાં તો ડઘાઈ ગયા. આ પછી એમના જાણવામાં આવ્યું કે પુત્રના પ્રશ્નનું પ્રેરણાસ્થાન મારો લેખ છે. મારા પરિચિત હોવાને નાતે તેમણે મને સારી પેઠે ધમકાવ્યો ને આવું હલકું સાહિત્ય સર્જવાને બદલે આ ઉંમરે પ્રભુભજનમાં સમય ગાળવાની સલાહ આપી. એક વાચકે તો હિંમત કરીને મને જ પૂછી નાંખ્યું કે, 'ધારો કે તમારે આવા સંજોગો ઊભા થાય તો તમે કોઈ પણ ઉંમરે ફરી લગ્ન કરો છો?' આ પ્રશ્નનો ઉત્તર 'ના'માં આપું તો સત્યનો ભંગ થાય અને 'હા'માં આપું તો ઘરમાં સુલેહભંગ



થવાનો સંભવ ઊભો થાય. (આ 'સુલેહભંગ' કાયદાની પરિભાષાનો શબ્દ છે, જેનો અર્થ... તમે સમજી ગયાં હશો) એટલે કોઈ રાજકીય નેતા પત્રકાર પરિષદમાં પ્રશ્નોના ઉત્તર સિફતથી ટાળી દે એમ મેં હસીને આ પ્રશ્નનો ઉત્તર ટાળી દીધો. એક રસિક વૃદ્ધ તો લેખ વાંચીને તરત ઘેર આવ્યા: આટલું બધું મગજ દોડાવ્યું છે તો આવાં વૃદ્ધલગ્નો કેવાં હશે એની પણ કલ્પના તમે કરી જ હશે ને? 'કેવાં હશે એ લગ્નો?'—એ વિશે પણ કંઈક લખો. આ વડીલની ઈચ્છાને માન આપી આ લેખ લખ્યો છે.

આજે યુવાનોને જેમ કૉલેજમાં, સિનેમાગૃહોમાં બસની ક્યુમાં પોતાનું પ્રિયપાત્ર ભેટી જાય છે એમ વૃદ્ધોને પોતાનું પ્રિયપાત્ર મંદિરમાં, ભાગવત કે રામાયણની કથામાં કે વૃદ્ધાશ્રમોમાં મળી જશે. આત્મા આત્મને ઓળખશે અને પછી હૃદય પોકારી ઊઠશે 'પ્રિયા / પ્રિય! આજ સુધી તું / તમે ક્યાં હતી/ હતા?' અલબત્ત, જેમ આજે પણ યુવાનોનો પ્રણયનો-લગ્નનો માર્ગ સરળ નથી તેમ વૃદ્ધોનો પ્રણયનો-લગ્નનો માર્ગ સરળ નહિ હોય. કોઈ યુવાન-યુવતી લગ્ન કરવા માગે છે ત્યારે હજુ આજે પણ કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, અમીરી-ગરીબી વગેરે પ્રશ્નો દીવાલ બનીને આડા ઊભા રહે છે અને યુવતી 'વહાલા, હું લાચાર છું. મને ભૂલી જવાની કોશિશ કરજે' કહી પિતાએ શોધી આપેલા ધનિક યુવાનને પરણી જાય છે ને યુવાન બિચારો 'ચાંદી કી દીવાર ન તૂટી પ્યારભરા દિલ તોડ દિયા' વગેરે વગેરે ગાતો થઈ જાય છે, અથવા તો કવિતાઓ લખી પસ્તીમાં વધારો કરે છે; એ જ રીતે વૃદ્ધ તાત કે માત લગ્ન કરવા ઈચ્છશે ત્યારે યુવાન સંતાનો એમને રોકવાનો પ્રયત્ન કરશે. ભાગવત કે રામાયણની કથામાં જતાં બંધ કરી દેશે. દેવદર્શને જશે ત્યારે નાનાં પુત્ર-પુત્રીને સાથે મોકલશે. ઘેર કશું ન કહેવા માટે દાદા-દાદી મંદિરમાં મૂકવા માટે મળેલા પૈસામાંથી આ બાળકોને ચૉકલેટ લઈ દેશે. આ પછી પણ પ્રભુતામાં ફરી પગલાં પાડવાનું અશક્ય જણાશે ત્યારે આ વૃદ્ધ હૈયાંઓ પગે વાનું તેલ ચોળતાં ચોળતાં 'તું તડપે વહાં મેં



તડપું યહાઁ' કે 'એક દિલ કે ટુકડે હજાર હુએ, કોઈ ઇધર ગિરા કોઈ ઉધર ગિરા' જેવા ગીતોની જેટલી પંક્તિઓ યાદ હશે એટલી ગાશે. (વૃદ્ધાવસ્થાને કારણે હૃદય નબળાં પડી ગયાં હશે. એટલે કદાચ હજાર ટુકડા ન થાય તોય બસો-પાંચસો ટુકડામાંથી એ હૃદયો નહીં જાય!) ટૂંકમાં, આ હૈયાસૂના સમાજમાં શું જીવનની વસંત સમી યુવાવસ્થા કે શું જીવનની પાનખર સમી વૃદ્ધાવસ્થા—પ્રેમનો પંથ હંમેશા કંટકછાયો રહેવાનો. આમ છતાં કેટલાંક યુવક-યુવતીઓ માતા-પિતા સામે બળવો કરીને નાસી જઈને પોતાનાં પ્રિયપાત્ર સાથે પ્રભુતામાં પગલાં

પાડે છે અને બીજે દિવસે છાપામાં 'અમે રાજીખુશીથી (જોકે માતા-પિતાની નાખુશીથી લગ્નગ્રંથિથી જોડાયાં છીએ' એવી જાહેરાત આપે છે તેમ પુત્ર-પૌત્રો પોતાની પ્રતિષ્ઠાના બહાને વૃદ્ધોને પરણતાં અટકાવશે તો કેટલાંક ક્રાંતિકારી વૃદ્ધ-વૃદ્ધાઓ નાસી જઈને લગ્ન કરશે. 'અમે રાજીખુશીથી (વંશવારસોની નાખુશીથી લગ્નગ્રંથિથી જોડાયાં છીએ.' એવી જાહેરાતોથી આપણાં ભવિષ્યના વર્તમાનપત્રો શોભશે. વર્તમાનપત્રો આવાં વૃદ્ધ લગ્નોની જાહેરાતો કન્સેશન દરથી છપાવી આપશે. પોતાનાં પ્રિયપાત્ર સાથે પરણવા ન મળતાં યુવાન પુત્ર ઘર છોડીને દાદીને વંદન કરીને શુભેચ્છાના પ્રતિક રૂપે ભેટ આપતા હશે; દાદા-દાદી એમના દંતવિહીન અથવા ચોકઠાયુક્ત મુખારવિંદથી મરક મરક હસશે અને શુભેચ્છાઓ સ્વીકારશે.

અહા! કેવું હશે એ ભવ્ય દૃશ્ય! દેવો પણ અંતરિક્ષમાં ઊભા રહીને આશીર્વાદ આપશે.

આવા પ્રસંગોએ દાદા-દાદીને આપનારી ભેટો કેવી હશે?

દાદાજીના દાંતના ચોકઠાનું અગાઉથી માપ લેવડાવી સારા ડેન્ટિસ્ટ પાસે ચોકઠું તૈયાર કરાવી ખોખામાં પૅક કરી ખોખા પર 'પૂ. દાદીમા સહનૌભુનક્તુ કરતી વખતે, ભોજનનો સ્વાદ ચોકઠાની સહાયથી સારી રીતે માણી શકો એવી શુભેચ્છાઓ સાથે'—એવાં સુવાક્યો લખવામાં આવશે. એ જ રીતે બેતાળાંનાં ચશ્માં (અગાઉથી નંબર જાણીને) ભેટ આપી શકાશે પૂ. દાદાજીની કે પૂ. દાદીમાની કે બંનેની કર્ણેન્દ્રીય આઉટ ઑફ ઑર્ડર હોય તો (અગાઉથી ઑડિયોગ્રામ કરાવી) હિયરિંગ એઈડ પણ આપી શકાશે. આ હિયરિંગ એઈડની મદદથી દાદા-દાદી એકબીજાનાં મધુર પ્રેમવચનોનું શ્રવણ કરી શકશે.





આધ્યાત્મિક મનોભાવવાળાં દંપતીઓને દેવદેવીઓની છબીઓ, માળા, ગૌમુખી, અગરબત્તીના સ્ટૅન્ડ, ધાર્મિક પુસ્તકો વગેરેની ભેટ આપી શકાશે.


આ બધું આજે તમને તરંગી લાગી રહ્યું હશે, પણ ઈ. સ. ૨૦૨૫માં જન્મેલ બાળકો આવાં લગ્નો જોશે પણ ખરાં ને કરશે પણ ખરાં એ નક્કી માનજો.


આવા નીરોગી ને નિર્મળ સમાજની માનવજાતને પ્રતીક્ષા છે.

**('અમથું અમથું કેમ ન હસિયે', પ્રકાશન: ગૂર્જર પ્રકાશન)**


Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
K3DC.IN
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza,
Shyamal Cross Roads,
Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06,
99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park,
Opp. Pratik Mall,
Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789


Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
Berker by hager
Schneider Electric
Control4
RTI
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
K3DC.IN
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784


POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
K3DC.IN
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor,
B/h. Oriental Bank of Commerce,
Shyamal Cross Roads, Satellite,
Ahmedabad-380 015.
E info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
M 9824013589
P +91 79 2674 6605 / 06


The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
ARIFE Lamoulde
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant,
Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN

# કોણે ચલાવી ગોફણ?



રાજવિંદરની નનામી ઉઠાવવાની તૈયારી હતી. લાકડું થઈ બેઠેલી નિહાલને હલાવી-હલાવીને સ્ત્રીઓ રોવા લાગી. પણ નિહાલ ન રડી. એની આંખેથી આંસુનું એક બુંદ ન ખર્યું, જાણે પથ્થર ન થઈ ગઈ હોય! નનામી ઊઠી, સહુએ પોક મૂકી. તોય નિહાલ જેમની તેમ બેઠી રહી.

'કેવી મા છે? જુવાનજોધ દીકરો કમોતે મર્યો, તોય આંખમાં આંસુનું ટીપું નહીં!'

'બિચારીને આઘાત લાગ્યો છે. આટઆટલાં વરસ આ દીકરાને જોઈને તો કાઢી નાખ્યાં. એને મોટો કરવા જાત ઘસી નાંખી. હમણાં પરણવાની વાત ચાલતી હતી. તેવામાં એકાએક...'

પછી એક પછી એક સહુ પોતપોતાના ઘરે ચાલ્યાં ગયાં. નિહાલ બેઠી જ રહી. બેઠી જ રહી. સામેનું કાંઈ એને દેખાતું નહોતું. પણ એની આંખ સામે આખોયે ભૂતકાળ પસાર થઈ ગયો –

'મૂઈ, કેટલી વાર કહ્યું કે ગોફણથી નથી રમવાનું. આમલીના ઝાડ પર પંખીનો માળો છે. તેમાં બચ્ચાં છે. તારે મન રમત, પણ એમનું મોત થઈ જાય છે.'

નિહાલ ફરી નિશાન લઈ રહી હતી, ત્યાં માએ તેના હાથમાંથી ગોફણ છીનવી લીધી. નિહાલ રડતી-રડતી બાપુ પાસે ગઈ.

'શું થયું પુત્તર?' 'કહું છું, દીકરીની જાતને આવાં લાડ સારાં નથી. એને પારકે ઘેર જવાનું છે.'

'હું ક્યાંય નથી જવાની,' કહેતી નિહાલ બાપુને વળગી પડી. બાપુ એને વહાલથી પંપાળતા રહ્યા.

પરંતુ એ જ બાપુએ તેને એક દિવસ વિદાય કરી. ગઈ ત્યારે તો બાપુ પાસેથી વચન લીધું હતું કે બે દિવસમાં આવીને બાપુ તેને પાછી તેડી જશે. પણ કોણ આવે છે ને કોણ જાય છે?

ઘણા વખતે નિહાલ પિયર આવી, ત્યારે મસ્તીખોર મોજીલી છોકરીમાંથી ઠાવકી ગૃહિણી બની ચૂકી હતી. કાંઈક અંદર ને અંદર મમળાવ્યા કરતી હતી. એક દિવસ બાપુએ પૂછ્યું, 'કેમ હવે આમલી નથી ખાતી?'

'હા, હા બાપુ! તમે ઊતારી આપો!' એનું મોં એકાએક ખીલી ઊઠ્યું.

બાપુએ ગોફણ લીધી. પણ નિહાળે તે એમના હાથમાંથી લઈ લીધી. 'ના, બાપુ! ઝાડ પર માળો છે. તેમાં નાનાં બચ્ચાં છે. લાકડીથી ડાળ નમાવીને લઈ લો.'

મા એને નખશિખ જોઈ રહી. પછી દીકરીને પાસે લઈ એની આંખમાં આંખ પરોવીને એણે પૂછ્યું, 'બેટા, તું મા

બનવાની છે?' બેટીએ માને વળગી પડીને એની છાતીમાં મોં છુપાવી દીધી.

દીકરો થયો તે આબાદ માની સૂરતનો થયો. બધાં કહેતાં — બાપમુખી દીકરી અને મામુખો દીકરો ભારે નસીબદાર હોય! પણ વાસ્તવમાં નસીબ એનું ફૂટેલું. એકાદ વરસમાં જ એક અકસ્માતમાં બાપ એનો માર્યો ગયો.

પણ એ ફૂટેલા નસીબને સાંધવા નિહાલે કમર કસી. દીકરાને ભણાવી-ગણાવીને મોટો કરવા એણે જાત ઘસી નાંખી. એ કહ્યા કરતી, 'મારા દીકરાને મોટો સાહેબ બનાવીશ, સાચો ઈન્સાન બનાવીશ!'

દીકરોયે ડાહ્યો ને ઘણો પ્રેમાળ. સમજણો થયો ત્યારથી માને કહેતો, 'મને ભણી લેવા દે, મા! પછી તને તો કોઈ વાતે દુ:ખ નહીં રહેવા દઉં.'

એ ભણ્યો અને નોકરીની શોધમાં પડ્યો. શરૂમાં તો થતું કે આજે મળશે, કાલે મળશે. પણ એમ એમ કરતાં ત્રણ વરસ વીતી ગયાં, છતાં નોકરી ન મળી. હવે દીકરાને પૂછતાંયે નિહાલની જીભ નહોતી ઉપડતી. રાજવિંદર નોકરીની શોધમાં ભટક્યા કરતો. રાતે મોડો-વહેલો ઘરે આવતો. અડધું પડધું ખાતો. કાયમ ખોવાયેલો ને ખોવાયેલો રહેતો.

આજે એના માટે માગું આવ્યું, નિહાલ રાજી થઈ ઊઠેલી. કોને ખબર, સારી છોકરીના પગલાં થતાં નસીબનું પાંદડું ફરીયે જાય. રાજવિંદરને બદલે આવી એની લાશ. બાજુના શહેરમાં ગયેલો. ત્યાં તોફાનો ચાલતાં હતાં. ગોળી વાગી, અને...

આ બધું જોતી જોતી નિહાલની આંખ ક્યારે મિંચાઈ ગઈ, ખબર ન પડી. સવારે ફરી ઊઘડી ત્યારે આંગણામાં પંખીઓ કલરવ કરી રહ્યાં હતાં. નિહાલ સૂનમૂન પડી રહી. તેવામાં ધબ્બાક કરતો એ અવાજ થતાં નિહાલ એકદમ ચીસ પાડીને દોડી ગઈ. 'મુઆ, કોણે ચલાવી આ ગોફણ?'

બચ્ચાને હાથમાં લઈ એ ત્યાં જ બેસી પડી. ખોળામાં લઈ એને પંપાળતી રહી, પુચકારતી રહી. નિહાલની આંખમાંથી કરુણા વરસી રહી. એ આંખમાં આંખ મેળવતાં મેળવતાં જ બચ્ચું નિશ્ચેષ્ટ થઈ ઢળી પડ્યું. એને છાતી સરસું ચાંપી નિહાલ પોકેપોક મૂકી રડી પડી.

**(અચલા નાગરની હિંદી વાર્તાને આધારે, રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી, સાભાર: યજ્ઞ પ્રકાશન)**







અમર ભટ્ટ

# પંખીગાન, ઝૂલણા છંદ અને ઝપતાલ

હમણાં જ કોઈએ ધ્યાનની અવસ્થામાં લઈ જતું પક્ષી સંગીત મોકલ્યું (https://youtu.be/Qm846KdZN_c). રમેશ પારેખની આ પંક્તિ યાદ આવી –

**'ના રે ના, પંખી ક્યાં ગાય છે?**
**પંખી તો ઊડતા ભગવાન છે,**
**પોતાના ટહુકાથી સાક્ષાત થાય છે.'**

અન્ય કેટલાં સ્મરણો તાજાં થયાં –

– ૧૯૮૩માં ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવમાં સુગમ સંગીતમાં પસંદગી પામેલાં વિદ્યાર્થીઓ માટે એક અઠવાડિયાની શિબિરનું આયોજન કરવામાં આવેલું. એમાં રોજનો અમુક સમય સંગીત શ્રવણ માટે ફાળવવાનો હતો. એક શ્રવણ બેઠકમાં શિબિર સંચાલક રાસબિહારી દેસાઈ(રાસભાઈ)એ કંઠ્ય અને વાદ્યસંગીત ઉપરાંત પક્ષીસંગીત પણ સંભળાવેલું. નારગોળના દરિયાકિનારે વહેલી સવારે ગાતા બુલબુલનો અવાજ એમણે રેકોર્ડ કરેલો એના સ્વરો એમણે ઓળખી બતાવેલા.

– સત્યાવીસ વર્ષ બાદ-૨૦૧૦માં ઉમાશંકર જોશી શતાબ્દિવર્ષમાં એક સવારે બુલબુલનું ગાન સાંભળ્યાના આનંદમાં ઉમાશંકર જોશીનું આ ગીત રાગ ભટિયાર પર આધારિત સ્વરબદ્ધ થઈ ગયું –

**'બોલે બુલબુલ, વહેલે પરોઢિયે,**
**આ રે ગુલાબી મારી નિંદરની પાંખડીએ**
**ઝીણા ઝરે સૂર કોના આકુલ?**
**અરધું પરધું સુણાય તોય રચે શો મૃદુલ**
**પૃથિવી ને સ્વર્ગ વચે સૂર તણો પુલ'**

**(આલબમ: ગીતગંગોત્રી)**

– હોલો દસ માત્રાના તાલમાં 'પ્રભુ તું, પ્રભુ તું' ગાય છે એવું અર્થઘટન કરીને રાસભાઈએ હરિભક્ત હોલાની દસ માત્રા અને નરસિંહનાં ઝૂલણા છંદનાં પદોની દસ માત્રા સરખાવી હતી.

પ્ર ભુ I - તું - I પ્ર ભુ I - તું - I
1 2 I 1 2 3 I 1 2 I 1 2 3 I
જા - I ગ ને - I જા - I દ વા - I

રા. વિ. પાઠકના 'બૃહત્તપિંગળ'માં ઝૂલણા છંદ પંચકલ સંધિનો છે એવો ઉલ્લેખ છે. ૩૭ માત્રાનો આ છંદ જો પાંચ કે દસ માત્રાના તાલમાં ગવાય તો વધુ નૈસર્ગિક લાગે છે. ૩૭ અને ૪૦ વચ્ચેની ૩ માત્રામાં સાંગીતિક ચમત્કૃતિની અનેક શક્યતાઓ રહેલી છે તે આજે સમજાય છે. સાધારણ રીતે આપણાં ગીતો લોકોને સુગમ પડે માટે ૬ કે ૮ માત્રાના તાલમાં સ્વરબદ્ધ થાય છે ને ગવાય છે; પણ તાલનાં વિભિન્ન સ્વરૂપો ને પરિમાણો ખરેખર માણવા જેવાં છે. કહે છે કે ઝૂલણા છંદનાં કાવ્યો તો પરંપરાગત રીતે જ દસ માત્રાના તાલમાં જ ગવાતાં હતાં.

પક્ષીસંગીત સાંભળીને મારો કાનનો ને યાદનો રિયાઝ તો થઈ ગયો. હવે આપણી ઝૂલણા છંદની કેટલીક કવિતાઓને દસ માત્રાના તાલમાં સ્વરાંકિત કરવાનો મારો આનંદ વહેંચું –

૧. કવિ કાન્તનું 'સાગર અને શશી' (https://youtu.be/7pXK547FUMc)
૨. પ્રહ્લાદ પારેખનું 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો' (તાલ ઝપતાલ, રાગ મધુકૌંસ–આલબમ–શબ્દ સૂરની પાંખે)
૩. નરસિંહનું 'ધ્યાન ધર ધ્યાન ધર નેત્રમાં નાથ છે' (તાલ-સૂલ તાલ, રાગ ગુણકલી પર આધારિત

**– આલબમ : શબદનો અજવાસ)**

'જાગીને જોઉં તો જગત દિસે નહીં'નું નિનુ મઝુમદારે ઝપતાલમાં કરેલું સ્વરાંકન મને ખૂબ પ્રિય છે- https://youtu.be/R8KK1WjXZM0.

ઉમાશંકર જોશીના એક ગીતની પ્રથમ પંક્તિ છે —

**'અહો! પુષ્પ પુષ્પે પ્રગટ પ્રેમલિપિ'.**

અંતરામાં ઝૂલણા છંદ છે —

**'ઊલટતા નાશમાં, પલટતી આશમાં,**
**અગનઝાળે ગૂંથી ચીપી ચીપી'**

સાધારણ રીતે મુખડું પહેલા સ્વરબદ્ધ થાય ને પછી અંતરા; પણ અહીં અંતરાનો ઝૂલણા મને દસ માત્રા તરફ લઇ જાય છે — પહેલા અંતરા સ્વરબદ્ધ થાય છે ને પ્રથમ પંક્તિ પછી ઝપતાલમાં આપમેળે ગોઠવાય છે. (https://youtu.be/1RNa1PbLbzQ).

ટાગોરનાં અનેક ગીતોમાં પાંચ કે દસ માત્રાના તાલ છે. સાધારણ રીતે ઝપતાલમાં વજન 1-2 । 1-2-3 । ધીના । ધી ધી ના । એમ હોય, પણ 1-2-3 । 1-2 । (ધી ધી ના । ધી ના) એવા વજનમાં ઝપતાલમાં ટાગોરની સુંદર પ્રાર્થના છે — 'વિપદે મોર રખ્ખા કરો તે નવ મોર પ્રાર્થના' (https://youtu.be/k6ks6e-jksA). નરસિંહનું 'નિરખને ગગનમાં' મેં વિશ્વકોશમાં દસ માત્રામાં આ ઠેકામાં ગાયેલું છે. ટાગોર દસ માત્રાના અનોખા તાલ સુરફાકમાં પણ સુંદર ગીત આપે છે — 'બજાઓ તુમિ કોબિ' — (https://youtu.be/kMWv1atGMFE)

દસ માત્રામાં શાસ્ત્રીય ગાયનનો મેં માણેલો શ્રવણાનંદ વહેંચવાનું પણ મન થાય છે. ધ્રુપદ ગાયન સાથે પખાવજ ઉપર દસ માત્રાનો સૂલ તાલ વાગે ત્યારે ઉત્પન્ન થતું નાદમાધુર્ય ગુંદેચાબંધુઓની રાગ અડાણાની આ બંદિશમાં માણો — 'શિવ શિવ શિવ શંભુ ભોલાનાથ' — https://youtu.be/XvyRcGECaHk. પંડિત મલ્લિકાર્જુન મન્સૂરના ગાયેલા રાગ સાવની પાસે હું અવાર નવાર પહોંચું છું. ઝપતાલની બંદિશ — 'દેવ દેવ સતસંગ'ની સૌંદર્યસભર રજૂઆત આ રહી — https://youtu.be/FpQsRO9jfys

પંખીગાનથી વાત શરૂ કરી એટલે સંસ્કૃત પંક્તિઓ યાદ આવી ગઈ જેમાં પશુપંખી પાસેથી આપણને સંગીતના સાત સ્વરો મળ્યા છે એનું પ્રમાણ છે —

**ષડ્જં રૌતિ મયૂરસ્તુ ગાવો નર્દન્તિ વર્ષભમ્ ।**
**અજા નર્દન્તિ ગાંધારમ્ ક્રૌંચો નર્દન્તિ મધ્યમમ્ ॥**
**પુષ્પસાધારણે કાલે કોકિલો રૌતિ પંચમમ્ ।**
**અશ્વસ્તુ ધૈવતં રૌતિ નિષાદમ રૌતિ કુંજરમ્ ॥**

(મોરનો રવ 'સા'માં છે, ગાય 'રે'માં ભાંભરે છે, બકરી 'ગ'માં અને સારસ 'મ'માં નાદ કરે છે, વસંત ઋતુમાં કોયલનો સ્વર 'પ' હોય છે, ઘોડા 'ધ'માં હણહણે છે ને હાથીનો અવાજ 'ની'માં નીકળે છે.)

લોકસંગીતના આદરણીય કલાકાર ભિખુદાન ગઢવી સરસ વાત કરે છે — લતા મંગેશકરનો કંઠ કોયલ જેવો છે એમ કહેવાય, પણ કોયલનો કંઠ લતા મંગેશકર જેવો છે એમ થોડું કહેવાય?

છેલ્લે એક કઠોર લાગે એવી ટકોર કરવાનું મન થાય છે. થોડા સમયથી લૉ ગાર્ડનમાં ઠેર ઠેર મૂકાયેલાં સ્પીકર્સમાંથી રેડિયો વાગે છે, જાહેરાતોનો ઘોંઘાટ અને સિન્થેટીક અવાજ પક્ષીઓના કલરવને દબાવવાનો પ્રયાસ કરે છે. (ત્યાં આવનારાંના કાનમાં રહેલાં હેડફોન્સમાં સંભળાતું હશે એ તો વળી કૈંક જુદું જ.) પણ કાનનો રિયાઝ અસલી ટહુકો શોધતા ને ઝીલતા શીખવે છે.

**(આભાર: વિશ્વકોશ, 'વિશ્વવિહાર')**


SHYAMAL-SAUMIL

the musical odyssey

शीतल

# તને ગીત દઉં કે ગુલાબ

## ગીત-ગઝલની ગુલછડી

ગાયક:

આરતી મુનશી, સૌમિલ મુનશી,

શ્યામલ મુનશી.

સંગીત

શ્યામલ-સૌમિલ

Visit us on:www.shyamalsaumil.com

for downloads log on to hungama MOBILE

/shyamalsaumil YouTube

/shyamalsaumil

Audio CD Available at all **Music Stores**

**Marketed by : Wonder Waves Ent. Pvt. Ltd.**, 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati Circle, Ellisbridge, Ahmedabad- 380006.

Contact us: 26561834/35, Visit us at: www.shyamalsaumil.com

# મૌલિક શાહ અને ઈષિરા પરીખનો એક નવો નૃત્યપ્રયોગ - વિસ્મય+ચકિત



અમદાવાદના જાણીતા નૃત્યગુરુઓ મૌલિક શાહ અને ઈષિરા પરીખ દ્વારા ૬ માર્ચના રોજ એક સુંદર નૃત્ય કાર્યક્રમ યોજાઈ ગયો. પંડિત દિનદયાળ ઉપાધ્યાય હોલ ખાતે 'વિસ્મય + ચકિત' શીર્ષક હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં કથક નૃત્યના ચમત્કારિક પાસાઓ અને વિવિધ પર્કશન્સ વાદ્યો ઉપરાંત પખાવજ, હાઈબ્રીડ ડ્રમ સેટ અને ગુજરાતની માણની જુગલબંદી સાથે. સંગીત, નૃત્ય અને વાદનનું તદ્દન નવા પ્રયોગવાળું fusion રજૂ કરવામાં આવ્યું. આનર્ત ડાન્સ એકેડમીના મૌલિક શાહ અને ઈષિરા પરીખ ઉપરાંત કદમ પરીખ, રૈના લિમ્બાચિયા, નૈસર્ગી ગોર, પ્રિયંકા પંડિત, આયુષી સોની, યેશા સુથાર અને હિતેશ ચૌહાણ દ્વારા વિસ્મય+ચકિત નૃત્ય સ્ટેજ પર આકાર પામ્યું. ૪૦-૪૦ મિનિટની આ કૃતિઓમાં શબ્દાનુસાર જ પ્રેક્ષકોમાં વિસ્મય જગાડ્યો અને ચકિત પણ કરી દીધા.

કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના બિઝનેસમેન, કલાકારો, ચિત્રકારો, વિદ્યાર્થીઓ અને રસિકજનોથી હૉલ છલકાઈ ગયો હતો. પદ્મભૂષણ કુમુદિની લખિયા, પ્રીત્ઝર એવોર્ડ વિજેતા વિખ્યાત આર્કિટેક્ટ બી.વી.દોશી, નામાંકિત કલાગુરુઓ ઈલાક્ષીબહેન ઠાકોર, સ્મિતાબહેન શાસ્ત્રી, ઉમાબહેન અનંતાણી, વિદુષી મંજુબહેન મહેતા અને જાણીતા નૃત્ય

વિવેચક એસ.ડી. દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન 'સાવી બિલ્ડર'ના સમીરભાઈ સિન્હાએ કર્યું હતું.



આ વિસ્મયની અનુભૂતિની વાત મૌલિક શાહ અને ઈશિરા પરીખે એમના નવા પ્રયોગમાં રજૂ કરી નૃત્યપ્રેમીઓની વાહવાહી મેળવી હતી.





# ‘સ્વરસેતુ’ના મંચ થકી આદિત્ય ગઢવીએ પોતાના કંઠના કામણ રેલાવ્યા






પ્રાદેશિક સંગીત કે લોકસંગીત જે-તે પ્રજાની સાથે નાળથી જોડાયેલું હોય છે. ફૂળ સાથે એનાં મૂળ જોડાયેલા હોય છે. અને આમ તે પ્રજાની ઓળખ પણ બની રહે છે. શબ્દોની અનુપસ્થિતિમાં પણ આ સંગીત પોતાની ઓળખ પ્રગટાવી શકે છે. ઢોલ ઉપર પડતી થાપ સ્વયં કહી દે છે કે આ તો આપણું ગુજરાત!





આપણી પાસે સારા, માઠા, શૌર્ય કે ભક્તિના પ્રસંગે વાગતા ઢોલથી જાગતાં સ્પંદનો બહુ કેળવાયેલા ન હોય એવા કાનને પ્રસંગનો પરિચય આપી દે છે. હાલરડાં, બાળગીત, લગ્નગીતો, મરશિયાં વગેરેનું વૈવિધ્ય લોકસંગીત પાસે છે. વિવિધ છંદોનું લાલિત્ય પણ આપણા લોકસંગીતમાં છે.

પ્રજાના લોહીનો લય બનેલા લોકસંગીતને માણવાનો ઉપક્રમ 'સ્વરસેતુ'ના સળંગ ૯૮મા કાર્યક્રમ 'કોટે મોર ટહુકીયા'માં રચાયો. તારીખ ૩૦મી માર્ચ, શનિવારના રોજ ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં આદિત્ય ગઢવીએ 'સ્વરસેતુ'ના મંચ થકી પોતાના કંઠના કામણ રેલાવ્યા અને હાજર રહેલા સૌ કોઈને પોતાની ગાયિકી વડે મંત્રમુગ્ધ કર્યા. એ.આર. રહેમાન મ્યુઝિક કૉલેજમાં સંગીતના વિધિવત અભ્યાસ બાદ દેશ-વિદેશમાં અસંખ્ય કાર્યક્રમો આપ્યાનો અનુભવ તેમની ગાયિકીમાં છલકતો હતો.

'લોકગાયક ગુજરાત-૨૦૧૨'ના રિયાલીટી શોના વિજેતા આદિત્ય ગઢવીએ ઝવેરચંદ મેઘાણીની કેટલીક ચિરંજીવ રચનાઓની રજૂઆત કરી હતી. આ ઉપરાંત આધુનિક વાદ્યોની સંગત સાથે 'ચારણકન્યા'ની રજૂઆત દ્વારા તેમણે વન્સમોરની દાદ મેળવી હતી. પાર્થ તારપરાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

જ્યારે ભાગ્યેશ વારાએ હાસ્યરસની લ્હાણી કરી હતી. રિશીન સરૈયા અને મિતેશ દેસાઈએ તાલવાદ્યોની સંગત કરી હતી. બેન્જો ઉપર પાર્થ મિસ્ત્રી, વાયોલિન પર ગૌરવ પાઠક અને કિબોર્ડ પર તુષાર તપોધને સાથ આપ્યો હતો.





નયનરમ્ય રંગમંચ સજાવટ સુભાષ ભટ્ટ અને અર્પિત ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. દર્શિલ સરૈયા દ્વારા ધ્વનિ અને હેરી ઉપાધ્યાય દ્વારા પ્રકાશ આયોજન સંભાળવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમના સમાપન બાદ એક નવતર અભિગમ સ્વરસેતુ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. 'Meet & Greet-Artiste' દ્વારા ભાવકોએ આદિત્ય ગઢવીને વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા અને સંવાદ સાધ્યો હતો.



અંતમાં ભાવકોએ આદિત્ય ગઢવી સાથે સેલ્ફી લઈને આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો સહયોગ સાંપડ્યો હતો.



વિનોદ જોશી

# વિરહની પીડાનો તારસ્વરે ચિત્કાર



લાખ મથીને રાખતો દિવસે જેને શાંત,
રાતે છાપો મારતું ડંખીલું એકાંત;

એક સમે ક્યારેક ને આજે બારે માસ,
આંસુ ઝાંઝર પ્હેરતાં નખ નાખે નિઃશ્વાસ;

રાત મળી સરખી છતાં હું કેવો લાચાર,
તું પહેરે છે ચાંદની હું ઓઢું અંધાર;

આંસુને વરસાવશું નાહક ના મુંઝાવ,
એક નદી નીપજાવશું જેને બન્ને કાંઠે નાવ;

સૈયર, કેવી પ્રીત આ ને કેવો આ સંગાથ?
આંખો તો થાકી ગઈ ને આંસુ સારે હાથ.

— ચિનુ મોદી

વિયોગનો વિષાદ વ્યક્ત થયો હોય તેવા કાવ્યની ગુજરાતી કાવ્યસાહિત્યમાં દીર્ઘ પરંપરા છે. તેનો એક છેડો શોકાંજલિ પ્રકારના કાવ્યોમાં ખૂલે છે. અહીં એ પ્રકારમાં લખાયેલા પાંચ દુહાઓ ચિનુ મોદી પાસેથી મળે છે.

વિરહની પીડા પાષાણ હૃદયના માણસને પણ મીણ જેવો પોચો બનાવી દે છે. કાલીદાસે 'રઘુવંશમ્'માં પત્ની ઈન્દુમતીના વિયોગમાં વિલાપ કરતા રાજા અજ માટે લખ્યું છે કે ખૂબ તપાવેલું લોઢું પણ મૃદુ બની જાય તો પછી શરીરધારી મનુષ્યનું તો કહેવું જ શું? પીડા ખુદ ભલે કષ્ટદાયિની હોય, તે કલામાં પ્રવેશે છે ત્યારે સુખદાયી બની જાય છે. નિત્સે જેવા તત્ત્વજ્ઞાની તો જિંદગીને પણ દુઃખને કારણે જ અર્થપૂર્ણ માને છે. અહીં શબ્દની કલા કવિના વિષાદને કેવી ભાવવ્યંજનામાં પલટાવી દે છે તે જોવા જેવું છે.

પહેલી પીડા એકાંતની છે. એકલવાયા હોવા જેવું પીડાકારક ભાગ્યે જ કશું હશે. ખુદના પડછાયા કે પ્રતિબિમ્બનો સાથ લઈને જીવ્યાં કરવું કોઈને માટે શક્ય નથી.

એકાંતથી બચવાનો પ્રયત્ન એટલે અખિલાઈમાં ઓગાળવાનો પ્રયત્ન. કવિ કહે છે તેમ લાખ મથામણો કરવા છતાં એકાંતનું આક્રમણ અટકાવી શકાતું નથી. જેનું સાન્નિધ્ય સેવ્યું છે તેની હાજરીનો અભાવ પળે પળે એકાંતનો અનુભવ બનીને ત્રાટકે છે. દિવસભર કોઈને કોઈ સંદર્ભમાં જાતને પરોવી શકવાનો માંડ માંડ થતો પ્રયાસ રાત પડે ત્યારે છેવટે લાચાર કરી મૂકે છે અને એકાંતનો ડંખ સહ્યા સિવાય છૂટકો હોતો નથી. કવિ અહીં એકાંત છાપો મારે છે એમ કહી તેની છલનામયી પ્રકૃતિનો હવાલો તો આપે છે પણ એકાંતને ડંખીલું કહી તેનાં આક્રમણ પર એક વિશેષ ધજા પણ રોપે છે. શાંત એકાંતનો બિલકુલ સામેનો છેડો દિવસ અને રાતના દ્વૈતને ઓગાળી દઈ કવિ અહીં ઉપસાવે છે.

> એવી નદી, જેના બન્ને કાંઠે નાવ હોય. બન્ને દિશાએથી સામસામા આવીને મધ્યમાં મળવું અને એ રીતે સાયુજ્યને પામવું અહીં કવિને અભિપ્રેત છે. એમ પણ કહીએ કે આંસુ કેવળ આ કાંઠેથી જ વરસે છે તેવું નથી. સામે કાંઠે પણ એ જ પરિસ્થિતિ છે.

ક્યારેકમાંથી કશુંક કાયમી થઈ જાય તેવું લાગણીમાં બને ત્યારે શું કાયમી થયું તે વિચારણીય બની રહે છે. મનુષ્યની વિફળતા ત્યાં છે કે જે ગમે છે તે ક્ષણોને તે લંબાવીને કાયમી કરી શકતો નથી અને જેના પરત્વે અણગમો છે તે કાયમી બાબતોને તે નામશેષ કરી શકતો નથી. કવિ એક અત્યંત કમનીય કલ્પન આપે છે: 'આંસુ ઝાંઝર પહેરતાં' અને તેની સાથોસાથ જ ઉમેરે છે: 'નખ નાખે નિ:શ્વાસ'. વિષાદઘેરી આંખોમાંથી ઝુમઝુમ કરતાં આંસુ ઊતરી આવે અને તેને વધાવી જ લેવાં પડે. આવું હંમેશનું થઈ જાય તે પરિસ્થિતિ કવિને અસહ્ય લાગે છે. પણ તેઓ નિરૂપાય છે. પ્રિય પાત્રની કાયમી ગેરહાજરીનો સંકેત બહુ લાક્ષણિક ઢબે કવિ અહીં કરી રહે છે.

જે સન્મુખ નથી એ ક્યાં છે તેની કવિને ભાળ નથી. છતાં એમને એટલી તો ચોક્કસ ખબર છે કે પોતે અંધકારગ્રસ્ત છે. પોતાનું અજવાળું ક્યાંક બીજે છે, છિનવાઈ ગયું છે. રાત્રિ તો બન્ને માટે એકસરખી જ છે છતાં અજવાળું પેટાવનાર એક વ્યક્તિ કવિને અંધારપછેડામાં વિંટાળી દઈ પોતે પ્રકાશપુંજ બની ક્યાંક વિલસી રહી છે. કવિની લાચારી એ છે કે તેઓ રાતનો આ વિપર્યાસ નષ્ટ કરી શકતા નથી.

હવે કવિ આછાપાતળા ઉકેલ લેખે એક પ્રસ્તાવ કરે છે. કહે છે: 'આંસુને વરસાવશું' વરસાદ સાથે જ વપરાતું આ ક્રિયારૂપ અહીં 'આંસુ' સાથે વપરાયું છે તેનું ઔચિત્ય એ કે અહીં બેચાર ટીપાંથી ભીના થઈ સુકાઈ જતાં પોપચાંથી ઘણે આગળ વધીને કવિએ વાત કરવી છે. અને એટલે વરસાદી પ્રપાતનો સંદર્ભ લઈ એમણે આંસુ ઉર્ફે પીડાની તીવ્રતાને રાગે ચડાવી છે. 'નાહક ના મુંઝાવ' એવા આશ્વાસન પરથી આપણે પહેલી જ વાર એ જાણી શકીએ છીએ કે સામે પક્ષે પણ મુંઝારો તો છે જ. પણ ત્યાં ઉકેલ નથી. કવિ પાસે ઉકેલ છે. તેઓ વરસતા આંસુના પરિણામરૂપ નદી નીપજાવા તત્પર છે. એવી નદી, જેના બન્ને કાંઠે નાવ હોય. બન્ને દિશાએથી સામસામા આવીને મધ્યમાં મળવું અને એ રીતે સાયુજ્યને પામવું અહીં કવિને અભિપ્રેત છે. એમ પણ કહીએ કે આંસુ કેવળ આ કાંઠેથી જ વરસે છે તેવું નથી. સામે કાંઠે પણ એ જ પરિસ્થિતિ છે.

કવિને આવા વૈષમ્યથી ભર્યા સંગાથ અંગે ભ્રાંતિ થાય છે અને આને તે પ્રીત કહેવાય તેવો પ્રશ્ન ઊભો થાય છે. અને તેના પરિણામરૂપે એક અનવદ્ય સુંદર પંક્તિ સરી પડે છે:

'આંખો તો થાકી ગઈ અને આંસુ સારે હાથ' પ્રતીક્ષા



સિવાય આંખોને થાકી જવાનું કોઈ કારણ નથી તે અહીં કોઈને પણ સમજાય તેમ છે. રાહ જોઈ જોઈને થાકી જતી આંખો હવે કોઈ દૃશ્યને સમાવી ન શકે તેવી સ્થિતિ થઈ ગઈ છે ત્યારે એ પ્રિયપાત્ર માટેની જગ્યાનો અભાવ કવિ માટે આકરો થઈ પડે છે. જે દૃશ્યો હવે ઉમેરાય છે તે આંસુ બનીને આંખોમાંથી ઢળી પડે છે.

આંખોના થાકની આ પરિસ્થિતિ કવિ વિકલ્પે હાથમાં આરોપે છે અને કહે છે કે: 'આંસુ સારે હાથ' આ કાવ્ય પોતે જ એક અર્થમાં કવિનાં આંસુસ્વરૂપે છે, જે આંખોથી નહીં પણ હાથેથી ટપક્યું છે. થાકી ગયેલી આંખોનો વિકલ્પ કવિની આંગળીનાં ટેરવાં બન્યાં છે અને એણે લેખણ લઈ કવિની પીડાને અહીં વાચા આપી છે. અહીં શબ્દો છે તેમ નહીં પણ કવિનાં આંસુ છે તેમ માનીએ તો વિરહની પીડાનો તારસ્વરે થતો ચિત્કાર પણ આપણને સંભળાશે.

પિયુના વિરહમાં ઝુરતી અને પિયુમિલન આડેના દિવસો ગણતી પ્રિયતમા કહે છે કે: 'ગિણતા ગિણતા ઘિસ ગઈ મોરી આંગળિયારી રેખ!' આંગળીના વેઢા ઘસાઈ જાય એવી તીવ્રતાથી દિવસોની ગણતરી કરતી એ નાયિકાને તો આપણે ઓળખીએ છીએ, પણ અહીં તો એક કવિ પોતાની પ્રિયતમાની દુર્નિવાર અનુપસ્થિતિને સહેતાં સહેતાં 'આંસુ સારે હાથ' એમ કહીને પોતાની શબ્દે શબ્દે ઊતરતી સર્જકતા આંસુડામાં પલટાઈ ગઈ છે તેવું વિધાન કરે છે ત્યારે એ વિધાન વ્યવહારના વ્યાકરણમાંથી છટકી જઈને કલાની સુંદરતાને ધારણ કરી રહે છે. 'કરૂણ રસ' એવો પરસ્પર વિરોધી શબ્દ આપણે ક્યાં નથી જાણતાં?

# લેખક જય વસાવડાને 'વાગ્દેવી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં






તારીખ બીજી એપ્રિલના રોજ અમદાવાદના આત્મા હૉલ, ખાતે, ત્રિપદા ગાયત્રી સંસ્થાન દ્વારા, ડૉ. મુકુન્દ ઠાકરના અધ્યક્ષસ્થાને 'સાહિત્યકારને પુરસ્કારવાનો કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકપ્રિય વક્તા અને લેખક જય વસાવડાને 'વાગ્દેવી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં. મુખ્ય અતિથિ તરીકે અજય ઉમટ અને સારસ્વત અતિથિ તરીકે ભાગ્યેશ જહાની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવયિત્રી પ્રાર્થના જહાએ કર્યું. આયોજક રમાબહેન ઠાકરે જણાવ્યું છે કે, 'વાગ્દેવી પુરસ્કાર' હવેથી દર વર્ષે અપાશે. આ પ્રસંગને માણવા સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# કૃષ્ણકાંત ઉનડકટને શ્રી રમણભાઈ શાહ સાધના પત્રકારિતા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા



(ડાબેથી) સુરેશભાઈ ગાંધી, રસિકભાઈ ખમાર, પૂ. ભાઈશ્રી, કૃષ્ણકાંત ઉનડકટ, મુકેશભાઈ શાહ, પ્રવિણભાઈ ઓટીયા અને કલ્પેશ પટેલ

સાધના સાપ્તાહિક તરફથી ૨૦૧૪થી નિષ્ઠાવાન પત્રકારને શ્રી રમણભાઈ શાહ—સાધના પત્રકારિતા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષનો પુરસ્કાર જાણીતા લેખક-પત્રકાર કૃષ્ણકાંત ઉનડકટને એનાયત કરવામાં આવ્યો. ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈજી)ના વરદ હસ્તે આ સન્માન તારીખ ૨૪ માર્ચ, રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. પોતાની મરજીથી પત્રકાર-લેખક થવાનું પસંદ કરનાર કૃષ્ણકાંત ઉનડકટે પોતાનાં ઉમળકાથી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને પોતાના વાચકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને પોતાના જીવનસાથી જ્યોતિ ઉનડકટને પ્રેરણાસ્રોત રૂપે ગણાવ્યા હતા.

પૂ. રમેશભાઈ ઓઝાએ પોતાના આશીર્વચન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, 'પત્રકાર, કથાકાર અને કલાકાર અનુક્રમે સત્યમ, શિવમ અને સુન્દરમ્‌ના પ્રસારક હોય છે. પત્રકાર તેની કલમ દ્વારા સત્ય અને તથ્યને ઉજાગર કરતો રહે છે. ક્રિકેટના મેદાનમાં ફિલ્ડરના હાથે ઝીલાયા બાદ ક્રિકેટરે મેદાન છોડવાનું રહેશે જ્યારે પત્રકાર, કથાકાર અને કલાકારનો શબ્દ ઝીલાય ત્યારે જ તે પ્રસ્થાપિત થાય છે.'




કાર્યક્રમ દરમ્યાન પૂ. શ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે સાધના સપ્તાહિકના અલગ અલગ શહેરના વિતરકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# પોરબંદરમાં સાંદિપની આશ્રમ ખાતે ત્રિદિવસીય સંસ્કૃતિ ચિંતન શિબિરનું આયોજન કરાયું




પોરબંદરના સાંદિપની વિદ્યાનિકેતનમાં સંત શ્રી રમેશભાઈ ઓઝાની નિશ્રામાં તારીખ ૧૮, ૧૯ અને ૨૦ માર્ચના રોજ ત્રિદિવસીય સંસ્કૃતિ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રચિંતન, સાહિત્ય ચિંતન, ગાંધી ચિંતન અને તત્વ ચિંતન એમ કુલ ચાર પાસાઓને વણી લઈને યોજાયેલી ચિંતન શિબિરનું ઉદ્‌ઘાટન રાજ્યસભાના સભ્ય, જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. સુબ્રમણ્યમ સ્વામીના ઉદ્‌ઘાટન પ્રવચનથી થયું હતું. કાર્યક્રમના પ્રારંભમાં સંત શ્રી રમેશભાઈ ઓઝાએ આનંદ વ્યક્ત કરતા કહ્યું કે આ ચિંતન યાત્રાનો પ્રારંભ ડૉ. સુબ્રમણ્યમ સ્વામીના પ્રવચનથી થઈ રહ્યો છે તેનો વિશેષ આનંદ છે. તેમના પ્રવચનમાં તેમણે વર્તમાન અને પ્રાચીન ભારત અને વિશ્વના સાંસ્કૃતિક પ્રવાહોને આબાદ રીતે ગૂંથીને તેમના વક્તવ્યોને રજૂ કર્યું હતું.



રાત્રિના કવિ મિલનમાં ગુજરાતના જાણીતા અને માનીતા કવિઓ રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ, મેહુલ દેવકલા, હિતેન આનંદપરા, મિલિન્દ ગઢવી, પારુલ ખખ્ખર, દીપક ત્રિવેદી, સ્નેહલ જોશી અને પ્રાર્થના જહાએ કાવ્યરચનાઓ રજૂ કરી હતી.



કાર્યક્રમના દ્વિતીય દિવસે ત્રીજી બેઠકમાં 'સાહિત્ય ચિંતન' અંતર્ગત દિનકર જોશીએ 'સાહિત્ય: અધ્યાત્મનો રાજમાર્ગ', ભદ્રાયુ વચ્છરાજાનીએ 'સાહિત્ય અને સામાજિક નિસ્બત', રતિલાલ બોરીસાગરે 'હાસ્ય અને ચિંતન' અને કાજલ ઓઝા વૈદ્યએ 'હું અને મારા પાત્રો' પર સાહિત્યિક ચિંતન રજૂ કર્યું હતું.

ચોથી બેઠક 'ગાંધી ચિંતન' અંતર્ગત વક્તા નરોતમ પલાણે 'ગાંધીજી અને આપણો ઈતિહાસબોધ, અજય ઉમટે 'ગાંધી: કોમ્યુનિકેટર અને પત્રકારિતા', જય વસાવડાએ 'ગાંધી મારા દોસ્ત!' અને મનસુખ સલ્લાએ 'ગાંધી અને નઈ તાલીમ: આધુનિક સંદર્ભમાં' વિષય પર ગાંધીચિંતનની વિગતવાર વાત કરી હતી. પાંચમી બેઠકમાં હોળીની પૂર્વ સંધ્યાએ ઉત્કર્ષ મઝુમદાર અને અર્ચન ત્રિવેદી દ્વારા જૂની રંગભૂમિના ગીતનો રસમયી રજૂઆત કરવામાં આવી હતી.

ત્રીજા અને અંતિમ દિવસની ચિંતન શિબિરમાં 'તત્વ ચિંતન'માં વક્તા વિજય પંડ્યાએ 'અદ્વૈત સિદ્ધાંત: ઉપનિષદનું વૈચારિક ગૌરીશીખર', ગોપબંધુ મિશ્રાએ 'યત્ પિણ્ડે તત્ બ્રહ્માણ્ડે', સુભાષ ભટ્ટે 'રહસ્યનો આનંદ અને આનંદનું રહસ્ય', ભાગ્યેશ જહાએ 'ટેક્નો-સ્પિરિચ્યુઆલિટી: એક શક્યતા' વિષય પર પોતાનાં વિચારો રજૂ કર્યા હતા.




આ ત્રિદિવસીય સંસ્કૃતિ ચિંતન શિબિરમાં મોટી સંખ્યામાં ભાવકો અને સંસ્કૃતિ ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વકોશમાં યોજાયેલું શ્રી માણેક પટેલના અમદાવાદ વિશેનાં પુસ્તકનું વિમોચન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ વિશ્વકોશભવનમાં 'અમદાવાદની પોળો અને પરાં' નામના ડૉ. માણેક પટેલ 'સેતુ' લિખિત પુસ્તકનું વિમોચન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ભારતના સર્વપ્રથમ વર્લ્ડ હેરિટેજ સીટી તરીકે સ્થાન પામનારું અમદાવાદ શહેર એ પરંપરા અને પરિવર્તન બંનેને એક સાથે લઈને ચાલે છે. અમદાવાદથી લોથલની સંસ્કૃતિ દૂર નથી. સાબરમતી કિનારે ઋષિઓના આશ્રમો અને તીર્થો હતા. આ બધાના પ્રાચીન પુરાવાઓની ખોજ હજી બાકી છે. એની પોળોનાં ઇતિહાસની સાથે એમાં આવેલા પરિવર્તનની ખોજ કરવાની બાકી છે. હવે પચ્ચીસ માળનાં મકાનો અમદાવાદમાં આશ્ચર્યરૂપ નહીં લાગે. ભારતનું આ અત્યંત ઝડપથી વિકસતું શહેર ચારેબાજુ વિકસતું રહ્યું છે. એની પ્રજામાં પરિસ્થિતિને અનુકૂળ થવાની અનોખી આવડત છે. એક સમયે કાપડ ઉદ્યોગનું પ્રભુત્વ હતું. આજે ફાર્મસી, કેમિકલ, ફાઈનાન્સિયલ, એજ્યુકેશનલ અને મેડિકલ સર્વિસીઝનો ઉમેરો થતો જાય છે. એની મહાજન પરંપરાનાં મૂલ્યોમાં ધીરે ધીરે ઘસારો થવા લાગ્યો છે. તેમ છતાં આ પરંપરાએ અમદાવાદની આગવી સંસ્કૃતિને જન્મ આપ્યો છે.

ભારતીય સંસ્કૃતિના તજજ્ઞ ડૉ. થોમસ પરમારે પુસ્તક વિશે વાત કરી અને કહ્યું કે અમદાવાદ શહેર વિશે પાંચ જેટલાં પુસ્તકો લખી ચૂકેલા ડૉ. માણેક પટેલનું આ જ



થોમસ પરમાર

દિશામાં એક નવું ઉમેરણ છે. કુલ ૩૨૦ પૃષ્ઠ ધરાવતા આ ગ્રંથમાં લેખકે કુલ ૫૩ પ્રકરણોમાં અમદાવાદના પરાં અને પોળોનો ઇતિહાસ આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. પ્રથમ ત્રણ પ્રકરણમાં હેરિટેજ સિટી, ઐતિહાસિક અમદાવાદ, વિસ્તરતું અમદાવાદ—પોળોની દુનિયાનો પરિચય કરાવ્યો છે. વિભાગ એકમાં કોટ વિસ્તારના પરાંઓ, વિભાગ બેમાં કોટ બહારના પૂર્વ અને ઉત્તર-દક્ષિણ વિસ્તારનાં પરાંઓ જ્યારે વિભાગ ત્રણમાં નદીપારના પશ્ચિમ વિસ્તારના પરાંઓનો ટૂંકમાં પરિચય આપ્યો છે. કુલ પચાસ પરાંઓ વિશેની માહિતી છે. લેખકે જાતે જે તે સ્થળે જઈને તેનો ઇતિહાસ ત્યાંના પ્રજાજનોની મુલાકાત લઈને મેળવ્યો છે. આમ મૌખિક ઇતિહાસની પરંપરાનો તેમણે આધાર લીધો છે. એક રીતે જોઈએ તો અમદાવાદ વિશેનો આ ડેટા છે જેને આધારે સંશોધકો શોધ કરી શકે છે.

અમદાવાદની પોળો અને પરાં પુસ્તકના લેખક ડૉ. માણેક પટેલ વ્યવસાયે દંતચિકિત્સક છે, પણ એમને અમદાવાદ માટે અનેરો પ્રેમ છે. તેમણે આ પ્રસંગે વાત કરતા કહ્યું કે અમદાવાદને ભારતમાં પ્રથમ ચાર વર્લ્ડ હેરિટેજ સીટીનો દરજ્જો મળ્યો છે. આ દરજ્જો ફક્ત વર્લ્ડ સીટી કોટ વિસ્તાર પુરતો મર્યાદિત છે. સુલતાન અહમદ શાહે તેમના ગુરુ શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ કાજી અહમદ અને મલિક અહમદની સાથે એમ ચાર પાકપુરુષોએ ખાત મુહુર્ત કર્યું, ત્યારે સૂર્ય માથે આવ્યો હતો. શહેરની કુંડળી કીર્તિવંત વિકાસ અને સમૃદ્ધિવાળું શહેર બનશે એવું સૂચવતી હતી. છસો વર્ષ પછી આજે પણ અમદાવાદનો સૂર્ય માથે છે. ચારેય દિશામાં તેનું નામ છે. અમદાવાદનો છસોથી વધુ વર્ષનો ઇતિહાસ આપણી નજર સમક્ષ છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઈ શાહે પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# કાગ એવોર્ડ અર્પણ કરાયા






કાગબાપુની ૪૨મી પુણ્યતિથી નિમિત્તે પ્રતિવર્ષ લોકસાહિત્ય ક્ષેત્રે અનન્ય પ્રદાન કરનાર મહાનુભાવોને પૂજ્ય મોરારિબાપુ દ્વારા કાગ વંદના અંતર્ગત કાગ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. ૧૦મી માર્ચના રોજ યોજાયેલ એવોર્ડ અર્પણ સમારોહમાં દિવંગત નાટ્યકાર-કવિ શ્રી ત્રાપજકર પરિવારમાંથી શરદભાઈ ભટ્ટ, લોકસાહિત્ય મર્મજ્ઞ વસંતભાઈ ગઢવી, રાજસ્થાની લોક સાહિત્ય- સંશોધક રઘુરાજસિંહ હાડા, લોકગાયક કિર્તીદાન ગઢવી તેમજ આકાશવાણી કેન્દ્ર, રાજકોટ વતી કેન્દ્ર નિયામક વસંતભાઈએ આ એવોર્ડ સ્વીકાર્યા હતા. એવોર્ડ અર્પણ કાર્યક્રમનું સંચાલન રાજુલભાઈ દવે અને બળવંત જાનીએ કર્યું હતું.

આ અઢારમાં એવોર્ડ સહીત અત્યાર સુધી કુલ ૮૧ કાગ એવોર્ડ અર્પણ થઈ ચૂક્યા છે.

કાર્યક્રમનો પ્રારંભ જયમલભાઈ પરમારના પુસ્તક 'ધરતીની અમીરાત'નું પૂજ્ય બાપુના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. છેલ્લાં ૧૨ વર્ષથી પ્રતિવર્ષ યોજાતા 'કાગને ફળીયે કાગની વાતું' અંતર્ગત બળવંત જાનીના સંચાલન નીચે કલાધર આર્ય અને સતીશ વ્યાસે કાગ-સાહિત્યમાં ગાંધી વિચાર દર્શન પર અભ્યાસપૂર્ણ વક્તવ્યો રજૂ કર્યા હતા. બાપુએ પોતાના આશીર્વચનમાં તપસ્વિની પંચધૂણી, સાધુની પંચધ્વનિ અને સર્જકના પંચધ્યાનીપણા અંગે જણાવતા કહ્યું કે,' કાગબાપુ તપસ્વી છે, સાધુ છે અને સર્જક, દર્શક, ચિંતક અને વિચારક છે.'

કાગ વંદનાના અંતિમ ચરણમાં રાત્રે કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતના નામી-અનામી લોકસાહિત્યકારોનો ભાતીગળ ડાયરો યોજાયો હતો. જેમાં કલાકારોએ પોતાની કલાનું પાન કરાવ્યું હતું.

# હોળી પર્વની સંગીતમય ઉજવણી



શિવાનંદ આશ્રમ અને આરાધના સંગીત એકેડમી દ્વારા હોળીપર્વ નિમિત્તે તારીખ ૧૯ માર્ચના રોજ અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે 'ઉડત અબીલ ગુલાલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી આધ્યાત્મનંદજીના ૭૫મા જન્મદિનને અનોખી રીતે ઉજવવામાં આવ્યો.

ડૉ. મોનિકા શાહના કંઠે ગવાયેલ રાગ મારૂ બસંતમાં 'આઈ ઋતુ બસંત મનહારી', હોળી ગીતો 'રંગ ડારૂંગી નંદકે લાલન પે' અને 'ચાલો ગુઈયા આજ ખેલે હોલી' રચનાઓએ લોકોની વાહવાહી મેળવી હતી. ડૉ. મોનિકા શાહ દ્વારા પદ્મ વિભૂષણ ગીરજાદેવીએ દાદરામાં ગાયેલ રચના 'દિવાના કિયે શ્યામ' અને 'ઉડે અબીલ ગુલાલ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. 'હોલી ખેલન કૈસે જાઉં સખી રી' રાગ ભૈરવીની પ્રસ્તુતિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. જાજ્વલ્ય શુક્લએ તબલાં, આકાશ જોશીએ હાર્મોનિયમ અને વનરાજ શાસ્ત્રીએ સારંગી પર વાદ્યસંગત કરી હતી. કાર્યક્રમને સંગીત રસિકોએ માણ્યો હતો.




# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...





- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
**ન્યૂઝ ડાયજેસ્ટ**




સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu123@gmail.com | મો. 9978905288

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું..............................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-.......................................................................................................................................................

સરનામું :-.......................................................................................................................................................

.......................................................................................................................................................

ટેલિફોન નંબર :-.........................................મોબાઈલ નંબર :-...................................ઈ-મેઈલ :-........................................................


ચેક/ડી.ડી નંબર :-.........................................બેંક :-..........................................................................તારીખ :-...........................

**લવાજમની રકમ રોકડથી, ચેક, બેંક ટ્રાન્સફર, Paytm, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી.**
**મનીઓર્ડર ચેક કે ડ્રાફ્ટ WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.ના નામે લખવો.**

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# વરિષ્ઠ કલાકાર રાજૂ બારોટને નિર્દેશન માટે બી.વી. કારંથ સ્મૃતિ પુરસ્કારથી સન્માનિત કરાયા






રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય, નવી દિલ્હી પોતાના સ્નાતકોને નાટ્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે ૫૦ વર્ષથી અધિક સ્નાતકને બી. વી. કારંથ સ્મૃતિ પુરસ્કાર તથા ૫૦ વર્ષથી નીચેના સ્નાતકોને મનોહરસિંહ સ્મૃતિ પુરસ્કારથી નવાજે છે.

આ વર્ષે અમદાવાદના વરિષ્ઠ કલાકાર રાજૂ બારોટને નિર્દેશન માટે બી.વી. કારંથ સ્મૃતિ પુરસ્કાર (વર્ષ ૨૦૧૬ માટે)થી નવાજવામાં આવ્યા છે.

પુરસ્કાર સમારંભ નવી દિલ્હી શ્રીરામ સેન્ટર ખાતે તારીખ ૨૬ માર્ચ, ૨૦૧૯માં આવ્યો તથા પુસ્કૃતોને વિદુષી શ્રીમતી કપિલા વાત્સાયન તથા વરિષ્ઠ નાટ્યકર્મી પદ્મશ્રી મોહનમહર્ષિના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં રજવાડુંના પ્રાંગણમાં અનોખી રીતે ઉજવાયો વિશ્વ રંગભૂમિ દિવસ






વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીના ભાગરૂપે એક કાર્યક્રમનું આયોજન તારીખ ૨૭મી માર્ચની સાંજે અમદાવાદના રજવાડુંના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા હાસ્ય કલાકાર અને મર્માળુ વાતરસથી સૌને રસતરબોળ કરનાર સાંઈરામ દવે તથા જાણીતા લોકગાયક કીર્તિદાન ગઢવી દ્વારા જૂની રંગભૂમિના ગીતો અને કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બે નાટ્યપ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. પહેલી નાટ્યપ્રસ્તુતિ 'મરીઝ'ની કરવામાં આવી હતી. મનોજ શાહ દ્વારા દિગ્દર્શિત આ નાટ્ય પ્રસ્તુતિમાં ધર્મેન્દ્ર ગોહિલે મરીઝનું પાત્રાલેખન ભજવ્યું હતું. મરીઝના જીવન અને કવન પર આધારિત આ નાટ્યપ્રસ્તુતિએ ભાવકોની આંખો ભીંજવી દીધી હતી અને ભાવકોએ પોતાના સ્થાન ઉપર ઊભા થઈ આ પ્રસ્તુતિને વધાવી લીધી હતી.







ત્યાર બાદ અંકિત ત્રિવેદી લિખીત અને અર્ચન ત્રિવેદી અને હેતલ મોદી દ્વારા અભિનીત 'માસ્ટર અશરફ ખાન'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વિશિષ્ટ અવસરને ધ્યાનમાં લઈને સૌ પ્રથમવાર આ પ્રયોગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં જ 'કાગ એવોર્ડ'થી સન્માનિત કીર્તિદાન ગઢવીનું રજવાડું વતી અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની પરિકલ્પના તથા સંકલન અંકિત ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. 'રજવાડું', 'માધુર્ય' અને 'વનશ્રી'ના રાજેશ પટેલ અને મનીષ પટેલ મનભાવન ભોજન તો પીરસતાં રહે છે પરંતુ વર્ષભર આવા વિશિષ્ટ અવસરે શબ્દ અને સ્વરનો પણ મહિમા કરતા રહે છે. સમગ્ર આયોજન માટે અંકિત ત્રિવેદી, રાજેશ પટેલ, મનીષ પટેલ અને રજવાડુંને અભિનંદન.





## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૦૧ મે : **અદિતિ દેસાઈ** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૦૧ મે : **સંદીપ ભાટિયા** (કવિ, લેખક, મુંબઈ)

૦૨ મે : **જગદીશ ધનેશ્વર ભટ્ટ** (કવિ, ગઝલકાર, અમદાવાદ)

૦૩ મે : **અરવિંદ વૈદ્ય** (નાટ્યકલાકાર, ટીવી કલાકાર, અમદાવાદ)

૦૩ મે : **હેમા મહેતા** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૦૪ મે : **અનંગ દેસાઈ** (નાટ્ય અને ટીવી કલાકાર, અમદાવાદ)

૦૪ મે : **મનીત મહેતા** (વાદક કલાકાર, તબલા, સાઉન્ડ રેકોર્ડિંગ, ભાવનગર)

૦૮ મે : **શિવરામ શ્રીમાળી** (લોકગાયક, ગાંધીનગર)

૦૯ મે : **ધ્રુવ ભટ્ટ** (કવિ, સાહિત્યકાર, આણંદ)

૦૯ મે : **ગુણવંત ઉપાધ્યાય** (કવિ, ભાવનગર)

૦૯ મે : **ચીકા ખરસાણી** (દિગ્દર્શક, અમદાવાદ)

૦૯ મે : **ઊર્મિલા શાહ** (સાહિત્યકાર, અમદાવાદ)

૯ મે : **મલ્લિકા સારાભાઈ** (નૃત્યાંગના, અમદાવાદ)

૧૦ મે : **મધુમતિ મહેતા** (કવયિત્રી, શિકાગો, યુ.એસ.એ.)

૧૨ મે : **અભિજિત રાવ** (ગાયક, અમદાવાદ)

૧૩ મે : **મનહર ઉધાસ** (ગાયક, મુંબઈ)

૧૪ મે : **તલત અઝીઝ** (ગાયક, મુંબઈ)

૧૪ મે : **કુંતલ નિમાવત** (નાટ્યકાર, ગાંધીનગર)

૧૪ મે : **સત્યમ રાવલ** (ગાયક, સંગીતકાર, ગાંધીનગર)

૧૫ મે : **સુરેશ પારઘી** (ગાયક, સંગીતકાર, નાટ્યકાર, ગાંધીનગર)



# સુખદાયી... ચિર આયુ પામો

૧૫ મે : **ડીમ્પલ પંચોલી** (ગાયિકા, અમદાવાદ)

૧૬ મે : **કોષા પંડ્યા** (ગાયિકા, અમદાવાદ)

૧૬ મે : **ધીરેન અવાસિયા** (પત્રકાર, સાહિત્યકાર)

૧૬ મે : **નરેશ કનોડિયા (મહેશ-નરેશ)** (અભિનેતા, મુંબઈ)

૧૭ મે : **પ્રીતિ સેનગુપ્તા** (કવયિત્રી, પ્રવાસ લેખિકા, યુ.એસ.એ.)

૧૭ મે : **પંકજ ઉધાસ** (ગાયક, મુંબઈ)

૧૭ મે : **કુમુદિની લાખિયા** (નૃત્યાંગના, મુંબઈ)

૧૮ મે : **અભિલાષ ઘોડા** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૧૮ મે : **શ્રુતિ મોદી** (ગાયિકા, અમદાવાદ)

૧૯ મે : **અર્ચન ત્રિવેદી** (નાટ્યકાર, અમદાવાદ)

૧૯ મે : **નીતિ ખાંડેકર** (વાદક કલાકાર, કીબોર્ડ, અમદાવાદ)

૨૦ મે : **કુંપલ દવે** (નાટ્ય અભિનેત્રી, ગાંધીનગર)

૨૧ મે : **આશિષ કક્કડ** (દિગ્દર્શક કલાકાર, અમદાવાદ)

૨૧ મે : **દિપેશ ત્રિવેદી** (વાદક કલાકાર, સાઈડ રીધમ, કલોલ)

૨૫ મે : **દીપેશ દેસાઈ** (વાદ્યકલાકાર, કિ-બોર્ડ, અમદાવાદ)

૨૭ મે : **ધર્મેશ વ્યાસ** (અભિનેતા, મુંબઈ)

30 મે : **ભાર્ગવ નરેન્દ્ર ત્રિવેદી** (કલાકાર, વડોદરા)




# પારૂમા
## જ્વેલ્સ્

Exclusive Diamond Jewellery

*"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫. ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮*


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

SHYAMAL-SAUMIL

the musical odyssey

**વેકેશનની મજા માણો...**

મસ્તી, માહિતી અને મનોરંજન સાથે...

ગુજરાતી બાળગીતો અને જોડકણાંની વિવિધ CD આજે જ વસાવો.




**મેઘધનુષ**

બાળપણની રંગીન પ્રતિકૃતિ




**ટીમ ટીમ તારા**

ચંદ્રકાન્ત ઠક્કર 'મેહ' રચિત ગુજરાતી બાળગીતો




**અલ્લકમલ્લક**

બાળપણની ભીની છાલક

Audio CD Available at all **Music Stores**

Marketed by : Wonder Waves Ent. Pvt. Ltd, 707, Shitiratna, Shri Avinash Vyas Chowk, Panchavati Circle, Ellisbridge, Ahmedabad - 380006.
Contact us: +91-79-26561834/35 Visit us: www.shyamalsaumil.com